રોજ સવારના પહોરમાં એક સક્કરખોરો આવીને સવિતાની ઊંઘ બગાડી જાય છે અને સવાર સુધારી જાય છે. ગામડાગામની છોકરીને સવારે ઊઠે ત્યારથી તે છેક બપોર સુધી પગ વાળીને બેસવાનો સમય તો હોતો નથી, એટલે સવિતા સવારની બે-ત્રણ મિનિટ પથારીમાં પડી-પડી સક્કરખોરાનો અવાજ સાંભળે છે. એને બહુ મજા આવે છે. હંમેશાં વિસ્મય થાય છે : આટલું નાનું અમથું પંખી આટલો મોટો અવાજ ક્યાંથી કાઢી શકતું હશે! આ પ્રશ્નનો જવાબ મેળવવામાં સવિતાને કોઈ ખાસ રસ નથી. એને માત્ર સવાલ કરવામાં જ રસ છે, કુતૂહલનો જ આનંદ છે.

આમેય તેના જીવનમાં આનંદ બહુ ઓછો છે. મા-બાપ તો છે નહિ. કાકા-કાકીને આશરે જ તે અને તેનો નાનો ભાઈ મોહન મોટાં થયાં છે. ઈશ્વરકાકા ભલા માણસ છે. પોતાને છોકરાંછૈયાં ન હોવાને લીધે આ ભાઈબહેન તરફ કુમળું હૈયું રાખી શકે છે, જ્યારે કાકીનું એવું નથી. આટલી મોટી સવિતાનું હજુ ઠેકાણું પડતું નથી એ વિચારે રાતદહાડો બળી મરતાં મણિકાકી ક્યારેક સવિતા સાથે કર્કશ અવાજે બોલી ઊઠે છે, તો ક્યારેક એ ન પહોંચી વળે એટલાં કામ ચીંધે છે. સવિતા આ બધાથી ટેવાઈ ગઈ છે. એને કોઈની સામે કશી ફરિયાદ નથી. હા, છે – પણ તે એકલા સક્કરખોરા સામે. એ જો થોડો મોડો આવતો હોય તો સવિતાને વધારે ઊંઘવા મળે ને!

તે દિવસે પણ રોજની જેમ સક્કરખોરાએ આવીને પોતાની પજવણી શરૂ કરી. કેટલો સુંદર – કેટલો નાજુક હતો એ! હવામાં જ બેઠક માંડીને પાંખો ફફડાવતાં અધ્ધર રહેવાનું અને દરેક ફૂલ પાસેથી રસનું એક ટીપું માગી લેવાનું એ કામ તો સક્કરખોરો જ કરી શકે. આંખોમાં અડધી ઊંઘ ભરીને સવિતા બારી પાસે આવીને ઊભી ને સક્કરખોરાને જોવા લાગી. આકાશનો ભૂખરો ઉજાસ ધીમેધીમે સફેદ થતો જતો હતો. સામેનો પીપળો હજારો પાન એકસાથે હલાવીને આકાશના કોઈ અદશ્ય દેવને ચામર ઢોળતો હતો. એ પીપળો પણ જૂનો જોગી છે આ ગામનો. કદાચ ઈશ્વરકાકાના દાદાના દાદાએ પણ આ પીપળાને આવી જ રીતે ડોલતો જોયો હશે, અને વધારે વિચાર કર્યા વગર એ હળલાકડું લઈને પોતાના સીમમાં આવેલા ખેતર તરફ રવાના થઈ ગયા હશે. ઓહોહો... તે વખતે તો કેટલાં બધાં ખેતર હતાં એ લોકોની પાસે! હવે તો બહુ જ ઓછાં રહ્યાં છે. મોહન નાનો છે. તો પણ એની મદદથી ઈશ્વરકાકા એટલી ખેતી કરી

શકે છે. સવિતાને મોહન બહુ વહાલો છે. તે ઇચ્છે છે કે મોહન પણ એની ઉંમરના બીજા છોકરાઓની માફક શર્ટ-પૅન્ટ પહેરીને ભણવા જાય. એને કદી હાથપગ ગંદા કરવા ન પડે. કપડાં મેલાં કરવાં ન પડે. એના કુમળા ચહેરા પર પરસેવાના રેલા જોવા ન પડે. પરંતુ ઇચ્છાઓ હંમેશાં ફળીભૂત થતી નથી. એમ તો ઈશ્વરકાકાની તબિયત સારી થઈ જાય, મણિકાકી હેતાબા જેવાં જ વહાલસોયાં થઈ જાય એવું પણ એ ક્યાં નહોતી ઇચ્છતી?

વળી, એને પોતાને માટે પણ એના નાનકડા હૈયાને એક ખૂણે ઇચ્છાનું એક નાનકડું બીજ ઊંડી માટીમાં ધરબાઈને ક્યાં નથી પડ્યું? એ બીજ એક સુભગ ક્ષણની રાહ જુએ છે, પરંતુ સવિતા એને અંકુરિત થવા દેતી નથી. એ નથી ઇચ્છતી કે એના ઘરડા ને બીમાર કાકા પર અસહ્ય આર્થિક બોજ આવી પડે. અને એ અનિચ્છા વધારે પ્રબળ છે.

ખરું જોતાં સવિતાને એના ઈશ્વરકાકા પ્રત્યે અનહદ લાગણી છે. નાની હોવા છતાં મા બાળકને સાચવે એટલી કાળજીથી એ એના કાકાને સાચવે છે. રોજની ટેવ પ્રમાણે એને કંઠેથી પ્રભાતિયાના સૂર વહેતા થયા –

જાગો જે જશોદાના જીવન, વહાણેરાં વાયાં રે,
તમારે તે ઉશીકે વ્હાલા મારાં ચીર ચંપાયાં રે!

આ ભજનના શૃંગારરસ પ્રત્યે એ જરાયે સભાન નથી. એ ગાતી જાય છે અને કામ કરતી જાય છે – મનમાં ફક્ત એટલું જ છે કે ભગવાનનું નામ દેવાય છે.

ભજન ગાતાં-ગાતાં એને ઓચિંતું યાદ આવ્યું કે કાકાને હુક્કો પીવો હશે એટલે લીટી અધૂરી છોડીને તે નીચે દોડી અને ચૂલો ચેતાવીને તુલસીક્યારે પાણી નાખવા ગઈ, એટલી વારમાં ઈશ્વરકાકા ખડકીને દાદરેથી નીચે ઊતર્યા અને પાટ પર બેસીને બગાસું ખાતાં-ખાતાં એમણે બૂમ પાડી, "સવિ! દેવતા લાય જોઈએ!" સવિતાએ કહ્યું, "એ લાવી!"

સવિતા અંદરથી હાથાવાળી નાની સૂપડીમાં દેવતા લઈને આવી અને હસતાં-હસતાં બોલી, "પહેલું દાતણ કરી લો ને! મારી કાકી બૂમ પાડશે."

"એને તો ટેવ પડી!" ઈશ્વરકાકાએ કહ્યું અને હુક્કાનું પાણી બદલીને નવી તમાકુ મૂકીને હુક્કો ભર્યો. એટલામાં સવિતા લોટો અને દાતણ લઈ આવી.

એ બોલી, "કાકા!"

"શું છે?"

"કાકા, મારી કાકી શોધે તો કહેજો કે હેતાબાને ત્યાં ગઈ છે, હોં કે! એમને થોડી દાળ ઊપણી આપું. બે-ચાર દિવસથી કહ્યા કરે છે ને પછી મારે કામમાં ને કામમાં રહી જ જાય છે."

"હારું! આજે મંગળિયોયે આવશે ભલો હશે તો." ઈશ્વરકાકા બોલ્યા.

"તો-તો મોહન પણ આવવાનો!" સવિતા હરખાઈ.

ઈશ્વરકાકાએ કહ્યું, "એનું કશું નક્કી ન કહેવાય. આજેય આવે ને કાલેય આવે. તું તારે જા, ડોશીને ઊપણી આલ. પછી તારી કાકી ઊઠશે તો જવા નહિ દે ઝટ લઈને!"

કાકા-ભત્રીજી વચ્ચે સમજદારીના એક સ્મિતની આપલે થઈ અને સવિતા ખડકીની બહાર નીકળી. હેતાબાનું ઘર કંઈ આઘું નહોતું. બે નાકાં વળોટ્યાં કે સીધી હેતાબાના ઘરની ખડકી દેખાઈ. સવિતા ત્યાં જઈને ઊભી રહી ને ખડકીના તોતિંગ દરવાજાને જરાક ઠેલો માર્યો કે ડોશી અંદરથી બોલ્યાં, "કુણ એ?" સવિતાએ બહારથી જ કહ્યું, "કોઈ નહિ, હેતાબા, એ તો હું છું."

હેતાબાએ ધ્રૂજતા હાથે બારણાં ખોલ્યાં અને આંખો પર હાથની છાજલી કરીને કહ્યું, "સવલી! આઈ ખરી બાપ! તારી કાચીએ અત્તારના પહોરમાં ચ્યોંથી નવરી કરી?" સવિતાએ જવાબ આપ્યા વગર અધિકારથી ઘરમાં પ્રવેશ કર્યો અને ખીંટી પર લટકતું સૂપડું ઉતાર્યું, પછી કોઠીના કાણામાં ભરાવેલો ડૂચો ખેંચી કાઢ્યો અને સૂપડામાં દાળ ભરીને ખડકીના ચૂલા પાસે ઊંધું પાડેલું તબાસળું સૂપડે-સૂપડે ભરી કાઢ્યું. જેમ-જેમ કામ થતું ગયું તેમ-તેમ એની જીભ છૂટી થઈ. એણે કહ્યું, "કાકીએ નવરી નથી કરી, મારી મેતે આવી છું. પછી ઊપણ્યા વિનાની તમારી દાળ સડી જાય તો તમે મને લડી-લડીને મારો સાસ કાઢી નાખો ને!" હેતાબાએ કહ્યું, "આય હાય બાપ! હું કે' દહાડે તને લડી, હેં સવલી? આવું ને આવું બોલતી ફરજે બધે. એટલે કોઈ મંગળિયાને પૂછવા આવતું હોય તેય પાછું વળી જાય!"

મોં બગાડીને હેતાબા પરસાળે ઢાળેલી ખાટલીમાંથી ઊઠીને હળવે-હળવે ગોદડી સંકેલવા લાગ્યાં અને ખાલી ખાટલી તેમણે એક બાજુએ ખેંચી. સવિતાએ એમની સામે હસીને કહ્યું, "હોવે, મારે કહ્યે કોઈ પાછું વળવાનું છે? ને તેય આપણી ન્યાતમાં?"

ડોસીને નિસાસો નાખ્યો, "લોકોય બાપડા પૂછીપૂછીને થાક્યા. કોઈને હાથ મેલવા દેતો નથી ને મંગળિયો!"

"તે મંગળભાઈને જોઈએ છે શું એ તો એક દહાડો સરખા બેસાડીને પૂછી જુઓ!"

"દઈ જાણે! પાઁત્રી વરહનો થવા આયો તોય મારે આ વૈતરું ના મટ્યું!" બબડતાં-બબડતાં હેતાબા પરસાળમાંથી અંદર ગયાં ને નાની સાવરણીથી પૂંજો વાળવા લાગ્યાં.

સવિતા જુવાન હતી. બધું કામ ઝડપભેર ને સારી રીતે કરી શકતી. એણે ઓટલાની ધારે ઊભા રહીને ઝપાટાભેર દાળ ઊપણવા માંડી. ખડકીનું બારણું ખુલ્લું જ હતું. બેમાંથી કોઈએ તેને વાસવાની તસ્દી લીધી જ નહોતી, એટલે થોડી વાર પછી મંગળભાઈએ અંદર પ્રવેશ કર્યો ત્યારે કોઈનું ધ્યાન ગયું નહિ. મંગળભાઈ એમની ઉંમર કરતાં નાના દેખાતા હતા. બહુ ખુશમિજાજ ને નફકરા માણસ હતા એ. જ્યારે જેને જે કહેવું હોય તે બેધડક કહી નાખતા, છતાં કોઈને ખોટું લાગતું નહિ. કોઠીમાં અનાજ છે કે નહિ તેની ચિંતા કર્યા વગર અમીર-ઉમરાવની માફક રહેવાની તેમને ટેવ પડી ગઈ હતી. અને અત્યાર લગી તો ભગવાને એમનું ગાડું ગબડવા દીધું હતું. અત્યારે પણ તેઓ એક મહેમાનને સાથે લઈને જ આવ્યા હતા. બારણામાં જ ખંચકાઈને ઊભા રહેલા એ યુવાનને એમણે મોટેથી બૂમો પાડીને કહ્યું, "એ અહીં, અહીં જ! આવો ને માહીંલી પા, કશ્શો વાંધો નહિ, આપડું જ ઘર છે ને!"

મંગળભાઈ છો ને કહે, નરેન્દ્રને અજાણ્યા ઘરમાં પેસવાનો વાંધો હતો. શહેરમાં રહ્યો હોવાથી સારી રીતભાત કોને કહેવાય એ વિશેના એના અમુક ચોક્કસ ખ્યાલો હતા અને એ ખ્યાલ સાથે આ ઘરમાં અનધિકાર પ્રવેશ જરાયે બંધબેસતો નહોતો, એણે બારણામાં ઊભાં-ઊભાં જ કહ્યું, "ના, હું સીધો માશીને ત્યાં જ જઉં અત્યારમાં તો, પછી મોડેથી આવીશ."

મંગળભાઈએ તરત જ કહ્યું, "અલ્યા ભઈ! માશી ચ્યાઁ નાશી જવાની છે? જવાશે પછી. હેંડો, એક વાર મહીં આવો તો ખરા! ચા-પાણી કર્યાં વગર જવાતું હશે? તમેય તે કેવા માણહ છો?"

નરેન્દ્ર મૂંઝાયો અને મંગળભાઈના આગ્રહને વશ થઈને અંદર આવ્યો. તેનાં શહેરી કપડાં, ઘાટીલો દેહ અને પાટીદારોના હિસાબે ઊજળો કહી

શકાય એવો વાન એને ખડકીમાં પેઠા છતાં અજાણ્યો જ દેખાડતાં હતાં.

મંગળભાઈએ એને હાથ પકડીને ખેંચ્યો. નરેન્દ્રે નજર ઊંચકી તો સામે સવિતા દેખાઈ. સવિતાનો શ્વાસ પણ અધ્ધર થઈ ગયો. આ ગામડામાં ખરેખર જ આવું કોઈ સામે આવીને ઊભું છે એ વાતનો એને ભરોસો પડતો નહોતો. બંને સ્તબ્ધ બનીને એકમેકને જોઈ રહ્યાં. પછી નરેન્દ્રને ભાન આવ્યું. એણે કહ્યું, "તમે તો કહેતા હતા ને, મંગળભાઈ! કે ઘેર કોઈ નથી?"

"હા, તે હું ને હેતાબા! બીજું કોણ છે જ તે ઘરમાં?" કહી મંગળભાઈએ નરેન્દ્રની નાની બૅગ અને પોતાની થેલી લઈને પરસાળનાં પગથિયાં ચડવા માંડ્યાં, નરેન્દ્ર હજુ સવિતા સામે જોતો-જોતો ચોકમાં જ ઊભો હતો. સવિતા ઊપણતી હતી ખરી, પણ હવે સૂપડાનો ટપાકો એટલા જોરમાં પડતો નહોતો. વારેવારે આંખો નરેન્દ્ર ભણી ખેંચાયા કરતી હતી.

મંગળભાઈએ બૂમ પાડી, "હેંડો ને, ભઈલા, કેમ અટકીને ઊભા?" મંત્રમુગ્ધ નરેન્દ્ર ધીમેથી બોલ્યો. "આવું છું તો ખરો!" એની નજર સવિતા સામે જ હતી. સવિતા નીચું જોઈને ઊપણતી હતી એ છતાં એને ખબર હતી કે કોઈની દૃષ્ટિની સુવાસ તેની આસપાસ પથરાય છે. વિવશ બનીને તે થોડી-થોડી વારે ઊંચું જોઈ લેતી હતી. એકાદ વાર બંનેની નજર મળી જતાં સવિતા શરમાઈ ગઈ અને નરેન્દ્ર ખસિયાણો પડીને ઝટઝટ અંદર જતો રહ્યો. એટલે સવિતા આછો નિસાસો નાખી સૂપડું ઝટઝટ હલાવવા માંડી.

"ઓ સવલી!" હેતાબાએ બૂમ પાડી.

"શું કહો છો?" સવિતાએ સૂપડા સામે જોઈને કહ્યું. સવિતા અંદર ન આવી એટલે હેતાબા જેમ-તેમ કરતાં બહાર આવ્યાં ને નરમ અવાજે બોલવા લાગ્યાં, "બૂન, હંસો પેટાવી આલ ને! મંગળિયો મેમાન તેડી લાયો છે તે ચા મેલવી પડશે ને પછી."

"લાવો, હું કરી આપું?" સવિતાએ પૂછ્યું,

"જીવતી રહે ને હો વરહની થા, બા! મારી જીભ ન'તી ઊપડતી કે'તાં, પણ આપડા મંગળિયાને ચા જ નથી ફાવતી બળી મારી કરેલી!" હેતાબાએ નિસાસો નાખતાં કહ્યું.

"હું છું ને?" કહી સવિતા સૂપડું લઈને અંદર ગઈ. ઊપણેલી દાળ તબાસળામાં ભરી તબાસળું કોઠી ઉપર મૂકી સૂપડું ઉપર ઢાંક્યું. ઓરડામાં

થઈને સવિતા રસોડામાં જતી હતી ત્યારે દાતણ ને લોટો લઈ આવતા મંગળભાઈ એને મળ્યા ને કહ્યું, “સવિ, હાઇકલાસ ચા બનાવજે તું તારે! દૂધ ખલાસ થઈ જાય તો કશો વાંધો નહિ. હું લઈ આઈશ બીજું.”

“વારુ.” કહી સવિતા હસી પડી.

અંદર જઈને સવિતા પ્રાઇમસ પેટાવતી હતી. ત્યાં મોટો ભડકો થતાં એનું સુંદર મોં પ્રકાશી ઊઠ્યું. પરસાળમાંથી ઓરડામાં દાખલ થતા નરેન્દ્રે ગભરાઈને કહ્યું, “હાં-હાં! જોજો, દાઝી જશો!”

સવિતાએ એની સામે જોયું. કોઈનો ચહેરો આટલો ચિંતાતુર હોઈ શકે અને તે પણ પોતાને માટે, એ વાત તેના માન્યામાં આવતી જ ન હતી. સ્ટવ ઓલવાઈ જવાની તૈયારીમાં હતો એનો પણ એને ખ્યાલ ન આવ્યો. આખરે નરેન્દ્રે જ તે તરફ સહેજ નજર નાખી એટલે સવિતા શરમાઈ ગઈ. એટલે ઝટઝટ નીચું જોઈને પંપ પર પંપ મારવા લાગી.